ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા વેરો ન ભરતા વેપારીઓની ૯ દુકાનો સીલ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરમાં આજે નગરપાલિકા દ્વારા વ્યવસાય વેરો, બિન અધિકૃત બાંધકામ અને ભાડુ ન ભરેલી દુકાનોને નવા ચીફ ઓફિસરે સીલ મારી સપાટો બોલાવતા શહેરમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા શહેરમાં આજે નગરપાલિકા દ્વારા ટ્રોલીનો વ્યવસાય કરતાં સાબર ટ્રોલી સંસ્થાના વ્યવસાય વેરાના રૂ. ૪૩,૩૯૩ જેટલી રકમ બાકી નીકળતી હોવાથી દુકાનો અને કારખાનાને સીલ મારવામાં આવ્યું હતું. તેમજ પરમિશન વગરના બાંધકામની ૬ દુકાનો દબાણ પેટેની ૧ દુકાન, પાલીકા હસ્તકની દુકાન ભાડુ બાકી હોય તેવી ૧ દુકાન, તેમજ એક મોટી દુકાન શહિત કુલ ૯ દુકાનોને સીલ મારી દીધી હતી. તેમજ પાલીકાએ વ્યવસ્યા વેરા વસુલાત પેટે રૂ. ૮૭,૬૨૪ અને ભાડાની વસુલાત પેટે ૯૯,૫૯૨ ની વસુલાત કરી પાલિકાએ રૂ. ૧,૮૭,૨૧૬ની કુલ વસુલાત કરી હતી. શહેરમાં પાલિકાના ચીફ ઓફિસરના સન્નાટાથી લોકો અચંબામાં પડી ગયા હતા અને શહેરના અન્ય દુકાનદારોમાં ભાડા અને વ્યવસાયવેરો ન ભરનારા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ખેડબ્રહ્મા પાલિકાના ચીફ ઓફિસર અજય પ્રકાશ અને સ્ટાફના કર્મચારી દ્વારા વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ખેડબ્રહ્મામાં ટ્રક સળગી : કોઈ જાનહાની નહી

કેડબ્રહ્મા શહેરના મુખ્ય માર્ગ ઉપર મહારાષ્ટ્રથી આવતી ટ્રક નંબર જીજે-૨૪-યુ-૭૭૧૭ ઘાસની ૭૬ નંગ ગાંસડી લઈ ખેડબ્રહ્મા નર્સરીમાં જઈ રહી હતી ત્યારે સ્વામિનારાયણ મંદિર પાસે જીવંત ઈલેક્ટ્રીક વાયરના તણખા થતા ગાસમાં પડતા ઘાસની ગાંસડી સળગી ઉઠી હતી. પરંતુ ડ્રાઈવર જવાભાઈ પશાભાઈ રાવળે સચેતતા વાપરતા રોડની બાજુમાં ભરાયેલા પાણીમાં ઉતારી દીધી હતી. પરંતુ આગ કાબુમાં ના આવતા વધુ વકરતા સ્થાનિક રહિસો દ્વારા ખેડબ્રહ્મા નગરપાલિકાને જાણ કરતાં ફાયર ફાયટર પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો પરંતુ ટ્રક સળગીને ખાખ થઈ ગઈ હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

હિંમતનગરના દેરોલ ગામે મજૂર ધાબા પરથી પટકાતા મોત : એકને ઈજા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામના નરેશભાઈ પરમાર દેરોલ ગામે આંબેડકર વાસમાં રહેતા મંગળદાસ મુળજીભાઈ મકવાણાને ત્યાં મકાનનું કામ રાખેલ હતું.

દરમિયાન મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ વાગેના સુમારે ૪૫ વર્ષીય મજુર હેદરસિંગ નાનસીંગ ભીલાલા (મૂળ રહે - લોડની તા. જી. અલી રાજપુરા મધ્યપ્રદેશ) હાલ રહે-આરટીઓ ઓફીસ નજીક જે હિંમતનગર તાલુકાના દેરોલ ગામે મંગળદાસ મકવાણાના મકાનની આગળના ભાગે કઠેડા પાસે કડિયા કામ કરતો હતો દરમિયાન પગ લપસી પડતા કઠેડો પકડતા કઠેડો તુટી ગયો હતો પરિણામે મજુર જમીન પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે મકાન નજીક ખાટલા પર બેસેલા ૬૦ વર્ષીય હીરાભાઈ મકવાણાને પણ ઈજાઓ થઈ હતી તેમને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે સરદાર ભાગડીયા ભીલાલાએ જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં ૨.૮૩ લાખની ભરબજારમાંથી ચીલ ઝડપ

હિંમતનગર, તા.૫

ખેડબ્રહ્મા ખાતે સાબરકાંઠા જિલ્લાના સહકારી બેંકમાંથી ગોતા દૂધ મંડળીના કલાર્ક દુધના ચુકવણા માટે રૂ. ૨.૮૩ લાખ ઉપાડયા હતા. તે બેગમાં મુકીને બાઈક લઈ સરદારચોકમાં થી પસાર થતી વખતે અજાણ્યો છોકરો રૂપિયા ભરેલો થેલો લઈ પલાયન થઈ ગયો હતો જેની ફરિયાદ ખેડબ્રહ્મા પોલીસમાં નોંધાઈ છે.

વડાલી તાલુકાના ગોતા ગામની દુધ ઉત્પાદક મંડળીના કલાર્ક શ્રી નરસિંહભાઈ જેસીંગભાઈ પટેલે દુધના ચુકવણાનો ચેક વટાવ્યો હતો. સરદાર ચોકમાં બાઈક પાર્ક કરતાં અજાણ્યો છોકરો થેલો લઈ પલાયન થઈ ગયો હતો. આ અંગે નરસિંહભાઈએ ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

હિંમતનગર શહેરમાં કરાટે ચેમ્પીયનશીપનું આયોજન થયું

હિંમતનગર, તા. ૫

હિંમતનગર શહેરમાં સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કરાટે એસોસીએશન દ્વારા કરાટે ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાની અલગ અલગ શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અંદાજીત ૪૫૦ વિદ્યાર્થીઓએ પોતાની જીત માટે સંઘર્ષ કર્યો હતો.

હિંમતનગરના ભોલેશ્વર ખાતે સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કરાટે એસોસીએશન દ્વારા તાજેતરમાં રમતગમત સંકુલ ભોલેશ્વર મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાના અલગ અલગ તાલુકાની શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં અધ્યક્ષ તરીકે બી.એલ. પટેલ ટ્રસ્ટી ગોમોર, ફાઉન્ડેશન અતિથિ વિશેષ તરીકે બિમલ દીદી તથા વામદેવ ત્યૈયા - ટ્રસ્ટી શ્રી રવિશંકર બાલમંદિર સાબરકાંઠા સુસ્મીતા પટેલ જોફેર પોલીમરના એમ.ડી. રાજુભાઈ પટેલ, પ્રો. કો. ઓડીનેટર ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભમાં સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કરાટે એસોસીએશનના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને જિલ્લાના મહામંત્રી જુજારસિંહ કે. વાઘેલાએ વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. આ સ્પર્ધામાં જીતનાર ખેલાડીઓ આગામી રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં સાબરકાંઠાનું પ્રતિનિધિત્વ કરશે.

ટેકનિકલ સિમ્પોઝીયમ પ્રકૃષ્ટ- ૨૦૧૩નું આયોજન

ઊંઝા, તા. ૫

ઊંઝા નજીકના ડાભી ગામે આવેલ શ્રીમતી એસ.આર.પટેલ એન્જિનીયર કોલેજમાં તા. ૭ અને ૮ માર્ચના રોજ બે દિવસીય તૃતીય રાષ્ટ્રીય કક્ષાના ટેકનિકલ સિમ્પોઝીયમ પ્રકૃષ્ટ-૨૦૧૩નું આયોજન કરવામાં આવેલ છે.

આ સિમ્પોઝીયમમાં ગુજરાત અને ગુજરાત બહારની જુદી જુદી ૭૧ કોલેજોમાંથી ૧૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સિમ્પોઝીયમમાં કુલ ૧૮ ઈવેન્ટ રાખવામાં આવેલ છે. જેમાં ૧૧ ટેકનીકલ અને ૭ નોન ટેકનીકલ ઈવેન્ટનો સમાવેશ થાય છે. બહારની કોલેજોના રજીસ્ટર થયેલ તમામ વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધા કરવામાં આવેલ છે.

શ્રીમતી એસ.આર.પટેલ એન્જિ. કોલેજ પ્રિ. ડૉ. અમીબેન શાહ અને એક્ઝુટીવ ડીરેક્ટર કલ્પેશભાઈ પટેલે ટૂંક સમયમાં કોલેજે સાધેલ પ્રગતિની માહિતી આપી હતી. અને જણાવ્યું હતું કે જીટીયુ સંલગ્ન તમામ કોલેજોને આમંત્રણ આપવામાં આવ્યું છે. કે જેમાંથી એક હજાર જેટલા વિદ્યાર્થીઓને જુદી જુદી ઈવેન્ટમાં ભાગ લેશે.

દરેક ઈવેન્ટમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને કુલ બે લાખ રૂપિયાના ઈનામો અપાશે. દરેક ઈવેન્ટમાંથી વિજેતા પસંદ કરવા માટે ગુજરાતની જાણીતી કોલેજોના નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે. ઈવેન્ટના પ્રથમ અને દ્વિતિય વિજેતાઓને અનુક્રમે રૂ. ૩૦૦૦ અને રૂ. ૨૦૦૦ ના ઈનામો આપવામાં આવશે. તા. ૭મી માર્ચ-૨૦૧૩ની રાત્રીએ કોલેજના વાર્ષિકોત્સવનું આયોજન દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

દરમિયાન તા. ૨ થી ૬ માર્ચ સુધી કોલેજમાં રમતગમત સમાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ૪૦ જેટલા પ્રાધ્યાપકો જુદી જુદી ૧૦ રમતોમાં ભાગ લીધો હતો. આમાં વિજેતાઓને આગામી તા. ૮મી માર્ચના રોજ ટેકનીકલ સિમ્પોઝીયમ અને વાર્ષિકોત્સવના સમાપન સમારોહમાં ઈનામ વિતરણ કરાશે. આ પ્રસંગે ક્રિકેટ ટીમના વિજેતા અને અધ્યાપકોની ટીમ વચ્ચે ક્રિકેટ મેચ યોજાશે.

હિંમતનગર શહેરમાં પરણિતાની છેડતી કરતા ફરિયાદ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ રવિપાર્કમાં રહેતી પરણિતા શુક્રવારને બપોરના ૩ વાગ્યાના સુમારે ઘરેથી શાકભાજી લેવા નીકળેલ તે દરમિયાન તેજ સોસાયટીના નાકે હિંમતનગરના ઓમ આશિષ અશોકકુમાર જોશી નામના ઈસમે પરણીતાનો હાથ પકડી ખેંચતાણ કરી છેડતી કરતા મહિલાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ગાંધીનગરના કમાન્ડોએ કરેલી હત્યા અંગે રિમાન્ડ

ભિલોડા તાલુકાના શંકરપુરા કંપા નજીક કૂવામાંથી મહિલા તથા બાળકીની ઘાતકી હત્યા કરી ટુકડા કરેલી લાશની હત્યાનો ભેદ એલ.સી.બી.એ ઉકેલી દીધો છે. હત્યામાં સામેલ મનાતા ભત્રીજાની ધરપકડ કરી હતી. કાકા-ભત્રીજાને કોર્ટમાં રજુ કરતાં તેમના એક દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા.

જિલ્લા એલ.સી.બી.ના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર વાંકાનેર છાપરાના રહીશ અને ગાંધીનગર ખાતે કમાન્ડોના મેજર તરીકે ફરજ બજાવતા અરવિંદ ડામોરે પોતાની પત્નિ હસુમતીબેન અને અપંગ પુત્રી ભારતીની કરપીણ હત્યા કરી લાશના ટુકડા કરી લાશ ફેંકી દીધી હતી. હત્યાનો પર્દાફાસ થતાં અરવિંદ ડામોરને એલ.સી.બી.એ પકડીને ફરિયાદ દાખલ કરી હતી. હત્યામાં તેનો સગો ભત્રીજો નિતીનકુમાર ઉર્ફેષિન્દુ ઉર્ફે કનુભાઈ ડામોરની મદદગારી હોવાનું જણાવ્યું હતું. જેમની ધરપકડ કરીને ભિલોડાની કોર્ટમાં રજુ કરાતાં એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પ્રાંતિજ પોલીસે કતલખાને જતા બે પશુ સહિત રૂપિયા ૨,૫૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેલવેફાટક પાસેથી બે પશુઓ ભરેલા વાહનને પ્રાંતિજ પોલીસ પકડી મુદ્દામાલ જપ્ત કરી આગળની પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાંતિજ રેલવે ફાટક પાસે બપોરના સમયે મહિન્દ્રા પીકપ ડાલા નંબર જીજે-૪-વી-૩૮૯૧ માં બિન અધિકૃતપણે પરમીટ ભંગ કરી પીકઅપ ડાલામાં રેતી, પાણી કે ઘાસચારાની સગવડ કર્યા વગર બે ભેંસો ક્રૂરતાપૂર્વક ભરી લાવી રૂ. ૮૦૦૦ની ભેંસો નંગ-૨ તેમજ ડાલા સાથે કિંમત રૂપિયા ૨.૫૦,૦૦૦ મળી કુલ ૨,૫૮,૦૦૦નો મુદ્દામાલ સાથે આદિલભાઈ ભટ્ટીની ધરપકડ કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશનના મનહરભાઈ શર્માએ કાયદેસરની કાર્યવાહી કરી મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ડીસામાં ટ્રેક્ટર પલટી ખાતા મજૂરો ઘાયલ

ડીસા, તા. ૫

ડીસા શહેરની શિવનગર ચોકડી પાસે ગતરોજ સાંજના સુમારે ટ્રેક્ટર પલટી મારી જતાં ટ્રેક્ટરમાં સવાર વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે ડીસા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ડીસા શહેર તેમજ આસપાસના શ્રમજીવી વિસ્તારના રહિસો અત્યારે હાલ બટાટાની સિઝન ચાલુ હોવાથી બટાટા કાઢવાની મજુરી માટે આસપાસના ગામોમાં જાય છે. મજુરી માટે જતાં આ લોકો છોટા હાથી, ટ્રેક્ટર, ડાલા જેવા માલવાહક વાહનોમાં બેસીને જાય છે. જેના કારણે અકસ્માતની સંભાવના ખુબ વધી જવા પામી છે. અગાઉ પણ આવો એક અકસ્માત ભીલડી પાસે સર્જાયો હતો. જેમાં મજુરો મોતને ભેટ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ જ્યારે આવો જ એક અકસ્માત ડીસા પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત રવિવારની સાંજે ડીસા નજીકના લક્ષ્મીપુરા ગામથી મજુરો ભરીને આવતું ટ્રેક્ટર નં. જીજે-૧-એ ચકયુ-૮૬૫૩ રાવનગર ચોકડી પાસે અચાનક પલટી મારી જતાં તેમાં સવાર લોકોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત લોકોની ચીસોથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ઈજાગ્રસ્તોની ચીસોથી આસપાસના રહિશો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી અપાયા હતા. ચંપાબેન ડાહ્યાજી ઠાકોર, રાજેશ મલાભાઈ માજીરાણા, અનિલ જેસિંગભાઈ માજીરાણા, સોનાબેન ડાહ્યાભાઈ માજીરાણા, રાહુલ ડાહ્યાભાઈ માજીરાણા, જીવાજી વેરસીજી ઠાકોર આ તમામ ઈજાગ્રસ્તો ડીસાના શિવનગર વિસ્તારના ભીલવાસના રહીશો છે.

હિંમતનગરમાં સગીરાનો પીછો કરી જાનથી મારી નાખવાની ધમકી

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય શહેર એવા હિંમતનગરમાં છેડતીના બનાવ અવારનવાર બનતાની બુમ ઉઠવા પામી છે.

આજરોજ ખેડતસીયા માર્ગ પર આવેલા ઈન્દ્રનગરમાં રહેતી સગીરાનો સોમવારની સાંજે બલવંતપુરામાં રહેતા ધર્મેન્દ્રસિંહ કોપસિંહ ચૌહાણે પોતાની બાઈક નંબર જીજે-૭ સી.ઈ.૭૩૯૨ લઈને સગીરાનો પીછો કરી બાઈક સગીરાના ઘર આગળ રોડ પર આડુ કરી સગીરાને બીભત્સ બોલતો હતો અને સગીરાએ બોલવાનું ના પાડતા જોવાય નહિ તેવી અને સંભળાય નહી તેવી ભાષામાં બોલાચાલી શરૂ કરી હતી.

ધર્મેન્દ્રસિંહનો ભાઈ પ્રભાતસિંહ કોપસિંહ અને અન્ય બે જણા મળી ત્રણે જણા આવી ગયા હતા અને સગીરાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી નાસી ગયા હતા. આ અંગે સગીરાએ હિંમતનગર ટાઉનપોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી નાસી ગયેલ ચારેય આરોપીની શોધખોળ આદરી છે.

ફાલ્કન રિયાલ્ટી સર્વિસીસે મોરેશિયસની તિલોક એસોસિએટ્સ સાથે જોડાણ કર્યું

અમદાવાદ, તા. ૫

ભારતની ટોચની રિયલ એસ્ટેટ કંપની ફાલ્કન રિયાલ્ટી સર્વિસીસ સાથે મોરેશિયસની ટોચની આર્કિટેકચર સેવાઓ પૂરી પાડતી કંપની તિલોક એસોસિએટ્સ સાથે વિશ્વભરમાં હાજરી પ્રસરાવવા જોડાણ કર્યું છે.

તિલોક એસોસિએટ્સ મોરેશિયસની ટીમ દ્વારા તમામ પ્રોજેકટસનું સતત નિરીક્ષણ થાય છે અને તેના બાંધકામ તેમજ ડિઝાઈનનાં પાસાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, જેનાં કારણે વિશ્વકક્ષાનું આર્કિટેકચર નિર્માણ કરી શકાય. આ જોડાણથી વિશ્વકક્ષાનું આર્કિટેકચર પોષાય તેવા ભાવોમાં ઉપલબ્ધ બનશે.

ફાલ્કન રિયાલી સર્વિસીસનાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટરશ્રી ભીમ યાદવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગ્લોબલ ઈકો સિટી માટે હાલમાં આકર્ષક રોકાણની તક છે. જેમાં વિશ્વની રહેણાંક પ્રોપર્ટીમાં રોકાણ કરવા ઈચ્છુક રોકાણકારોને તેમની જરૂરીયાતો સંતોષાય તે માટેની આ તક ઉપસ્થિત થઈ છે. તિલોક એસોસિએટ્સની નિપુણતા તેનાં પ્રોજેકટસની પર્યાવરણીય સંતુલન જાળવવામાં રહેલી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર ફરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮